


શ્રી દિગંબર જૈન સિદ્ધક્ષેત્ર, જલમંદિર, પાવાપુરી, જિ. નાલંદા - બિહાર

# પાવાપુરી



પાવાપુરી : શ્રી દિગંબર જૈન મંદિરની મુખ્ય વેદી

- આવાગમન.................. : રેલ્વે સ્ટેશન : પાવાપુરી હોલ્ટ - ૧૧ કિ.મી.
  બસ સ્ટેશન : બિહારશરીફ - ૧૨ કિ.મી.
- નજીકના મુખ્ય શહેર ....... : પટના - ૯૫ કિ.મી., ગયા - ૮૫ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .......... : કુંડલપુર - ૨૬ કિ.મી., રાજગૃહી - ૩૦ કિ.મી., ગુણાવા - ૨૨ કિ.મી., મંદારગિરિ - ૨૫૦ કિ.મી., ચંપાપુરી - ૨૧૬ કિ.મી.



પાવાપુરી : શ્રી દિગંબર જૈન મંદિરમાં ડાબી તરફની વેદીમાં ચોવીસી અને શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમાઓ

પાવાપુરી એક સિદ્ધક્ષેત્ર છે. અહીંથી અંતિમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા હતા. અત્યારે આ જગ્યા ઉપર એક મોટું તળાવ બનેલું છે, જેમાં ઘણા કમળ છે. કમળ હોવાથી તળાવની શોભા વધે છે. આ તળાવ વિશે એક દંતકથા છે કે શ્રી મહાવીર પ્રભુ નિર્વાણને પ્રાપ્ત થયા ત્યારે તે સમાચાર સાંભળી મોટો જનસમુદાય અહીં એકઠો થયો હતો. ત્યારે અહીં પાણીની ખેંચ હતી. તેથી લોકોએ નખથી જમીન ખોતરીને તેની ધૂળ મસ્તક ઉપર લગાડી તો અહીં તળાવ થઈ ગયું. તેથી આ તળાવને નાખુર કહે છે. નાખુર એટલે કે નખ દ્વારા ખોદાયેલુ તળાવ તેવો તેનો અર્થ થાય છે. વળી એમ પણ કહેવાય છે કે આ તળાવ પહેલા કેટલાયે વીઘા જમીનમાં ફેલાયેલું હતું. કાળાનુક્રમે તળાવ નાનુ થતું ગયું.

આ તળાવની મધ્યમાં આરસનું એક સુંદર મંદિર બનાવેલું છે, જેને જળમંદિર કહે છે. આ જળમંદિરમાં જવા માટે રસ્તા ઉપર લાલ પથ્થરનું એક પ્રવેશદ્વાર છે, જ્યાંથી પ્રવેશતા એક પાકો બાંધેલો પુલ આવે છે. પુલ પૂરો થતા ત્યાં આરસનો પ્રવેશદ્વાર આવે છે. આ જળમંદિર ભવ્ય અને કલાત્મક છે. આ મંદિરમાં શ્રી મહાવીર પ્રભુના ચરણપાદૂકા સ્થાપિત કરેલા છે. તેની ડાબી

બાજુએ શ્રી ગૌતમ ગણધરના પગલાં છે અને જમણી તરફ શ્રી સુધર્માસ્વામીના પગલાં છે. આ મંદિરમાં કોઈ પણ પ્રતિમા-મૂર્તિ નથી. જળમંદિરની સામે શ્રી સમવસરણજી મંદિર છે, જેમાં શ્રી મહાવીર પ્રભુના પગલાં છે. જળમંદિરની બાજુમાં જ બીજા દિગંબર જૈન મંદિરો છે.

અહીં બે મોટી અને સારી ધર્મશાળાઓ છે, જેમાં નીચે તથા ઉપર ઘણી રૂમો (૭૫ જેટલી) બનાવેલી છે. તેમજ લોબી પણ ખૂબ જ મોટી છે. હવા-પ્રકાશવાળી ધર્મશાળા છે. ત્યાં તીર્થક્ષેત્રનું કાર્યાલય પણ આવેલું છે. પાવાપુરીમાં વર્ષમાં એક વખત આસો વદ-૧૩ થી કારતક સુદ-૧ સુધી વિશાળ મેળો ભરાય છે. ત્યારે ધર્મશાળામાં જગ્યા મળવી મુશ્કેલ હોય છે, કારણ કે આસો વદ-૦)) શ્રી મહાવીર પ્રભુનો નિર્વાણદિન-દિવાળી આવે છે. શ્રી મહાવીર પ્રભુ આ દિવસે નિર્વાણ પામ્યા, ત્યારથી જ દિવાળી મહોત્સવ ઉજવવામાં આવે છે. આ દિવસોમાં અહીં ભગવાન શ્રી મહાવીર નિર્વાણ-પૂજા થાય છે.

ધર્મશાળામાં એક મોટો કૂવો છે, જેમાંથી યાત્રીઓને કાયમ પાણી મળી રહે છે. યાત્રિકોને ન્હાવા માટે અહીં ગરમ પાણી પણ થાય છે. આ મોટી ધર્મશાળા સિવાય બીજી એક નાની ધર્મશાળા પણ છે, જે મંદિરની પાછળ છે અને તેમાં ૩૦-૩૫ રૂમો છે. ધર્મશાળાના દરવાજા પાસે એક દુકાન-સ્ટોર છે, જેમાં ચા-ખાંડ, સાબુ, તેલ, અનાજ, વિગેરે વસ્તુઓ વેચાતી મળી શકે છે.

મંદિરમાં જતાં નીચે ભોંયતળીયે પણ આરસ પાથર્યો છે. પગથિયાં પણ આરસના જ છે. તેમજ મંદિર પણ નીચેથી ઉપર છેક શિખર સુધી આરસનું જ બનાવેલું છે. તેથી મંદિર ભવ્ય લાગે છે. તેમજ આરસમાં નક્શીકામ પણ કરેલું છે. મંદિરમાં અંદર વચ્ચે શ્રી મહાવીર પ્રભુના પાષાણના પગલાં છે. શ્રી મહાવીર પ્રભુના દિગંબરોના પગલાં છે, તેની જ આગળ શ્વેતાંબરોએ પણ શ્રી મહાવીર પ્રભુના ચાંદીના પગલાં સ્થાપ્યા છે. અહીં અમુક સમય શ્વેતાંબરો પગલાંની પૂજા કરે છે અને ત્યારપછી અમુક સમય દિગંબરો પગલાંની પૂજા કરે છે.

મંદિરનો અંદરનો ભાગ તદ્દન નાનકડો છે. તેથી બહુ જ થોડા માણસો અંદર બેસી શકે છે. અંદર જવાના બારણા પણ તદ્દન નાનકડા છે. તેથી અંદર નીચા નમીને જ જઈ શકાય છે. બાકી મંદિરની બહાર ફરતી લોબીમાં તથા ચોકમાં ચારે તરફ ચારે ખૂણામાં ચારે દિશામાં નાની-નાની દેરીઓ છે. તેમાં એક દેરીમાં સોળ પગલાં છે. બીજી દેરીમાં ચોવીસ પ્રભુના પગલાં છે. શ્રી મહાવીર પ્રભુના નિર્વાણધામમાં શ્રી મહાવીર પ્રભુના યાત્રિકોના જયજયકારથી આકાશ ગુંજી ઉઠે છે.

ધર્મશાળામાં પણ દિગંબર જૈન મંદિર છે. તેમાં નીચે વીસપંથી દિગંબર જૈન મંદિર છે અને ઉપર તેરાપંથી દિગંબર જૈન મંદિર છે, જેમાં મૂળનાયક શ્રી મહાવીર પ્રભુ સફેદ વર્ણના લગભગ ૩-૩।। ફીટ ઉંચાઈના છે, જેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૫૦માં થઈ હતી. આ સિવાય અંદર બીજા છ નાના-નાના મંદિરો છે. મુખ્ય વેદીમાં શ્રી શાંતિનાથ ભગવાનની શ્યામ વર્ણની ૨।। ફીટની પદ્માસન પ્રતિમા છે. તેની પ્રતિષ્ઠા પણ વિ. સં. ૧૯૫૦માં થઈ હતી. તે સિવાય ધાતુની એક

પ્રતિમા ત્રણ ચોવીસીની છે.

આ સિવાય આ મંદિરમાં જમણી તરફ બદામી આરસની શ્રી મહાવીર પ્રભુની ખડ્ગાસન ૮ ફીટની એક મનોજ્ઞ પ્રતિમા બિરાજમાન કરેલ છે. આ સિવાય બીજી નાની દેરીઓમાં બીજા ઘણા ભગવાન અને પગલાંઓ પ્રતિષ્ઠિત થયેલા છે. પાવાપુરીમાં જળમંદિરના દરવાજાની સામે શ્રી વર્ધમાન તીર્થંકર ભગવાનની અંતિમ દેશનાનું સ્થાન છે. ત્યાં ત્રણ પિઠીકા સહિત એક મંદિર છે, જેને શ્રી સમવસરણજી મંદિર કહે છે. અહીંના શ્રી વીર પ્રભુના ચરણપાદૂકા ઘણાં જ પ્રાચીન છે.

રાજગૃહીથી પાવાપુરી ૨૦ કિ.મી. છે. નવાદા સ્ટેશનથી પાવાપુરી ૨૨ કિ.મી. છે. પાવાપુરી રેલ્વે સ્ટેશન છે. બસ સ્ટેન્ડ ઉપરથી ગુણાવા, નવાદા, ચંપાપુરી (ભાગલપુર), રાજગૃહી, પટના, આરા, નાલંદા, વિગેરે સ્થળે જવા માટે બસ તથા ટેક્સી મળે છે.

एक तुम्हीं आधार हो जग में, अय मेरे भगवान ।
कि तुमसा और नहीं बलवान ।।
सम्हल न पाया गोते खाया, तुम बिन हो हैरान ।
कि तुमसा और नहीं बलवान ।।

आया समय बडा सुखकारी, आतम बोध कला विस्तारी ।
मैं चेतन तन वस्तु न्यारी, स्वयं चराचर झलकी सारी ।।
निज अंतर में ज्योति ज्ञान की अक्षय निधि महान ।। १।।

दुनियाँ में एक शरण जिनंदा, पाप-पुण्य का बुरा ये फंदा ।
मैं शिव भूप रुप सुख कंदा ज्ञाता दृष्टा तुम सा बन्दा ।।
मुझ कारज के कारण तुम हो और नहीं मतिमान ।। २।।
सहज स्वभाव भाव दरशाऊँ, पर परिणति से चित्त हटाऊँ ।
पुनि-पुनि जग में जन्म न पाऊँ, सिद्ध समान स्वयं बन जाऊँ ।।
चिदानंद चैतन्य प्रभु का, है सौभाग्य प्रधान ।। ३।।

h